| Date : 06-04-2024 | Evening : 7.50 to 8.00 |
|---|---|
| Saturday | National News |

*************************************************************************

➢ લોકસભાની આગામી ચૂંટણી માટેનો પ્રચાર વેગ પકડતો જાય છે – વિવિધ રાજકીય પક્ષોના અગ્રગણ્ય  પ્રચારકો પોતાના ઉમેદવારોને વિજય અપાવવા જોરદાર પ્રચાર કરી રહ્યા છે

➢ ભારતીય જનતા પક્ષના અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા સહિત પાંચ નવા સભ્યોએ આજે રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લીધા.

➢ સીબીઆઈએ શિશુઓની ગેરકાયદેસર હેરાફેરી માટેનું નેટવર્ક ખૂલ્લું પાડ્યું છે.

➢ મેક્સિકોએ ઇક્વાડોર સાથેના બધા સંબંધો પર પૂર્ણવિરામ મૂકી દીધું છે.

➢ અનુપમા ઉપાધ્યાય અને થારૂન મન્નેપલ્લીએ આજે કઝાખસ્તાન આંતરરાષ્ટ્રીય ચેલેન્જ ટૂર્નામેન્ટમાં મહિલા અને પુરૂષના સિંગલ્સના ખિતાબ જીતી લીધા છે..

**PM-PUSHKAR-(EARLY)**

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ દેશમાં ફરી એકવાર એનડીએ સરકાર બનશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે, તેમની સરકારના ત્રીજા કાર્યકાળના શરૂઆતના એકસો દિવસોમાં અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવશે. રાજસ્થાનના પુષ્કરમાં એક જાહેરસભામાં નરેન્દ્ર મોદીએ કહ્યું કે, છેલ્લાં દસ વર્ષમાં લેવામાં આવેલા નિર્ણયો તો ટ્રેલર માત્ર છે, હજુ તો ઘણાં મહત્વનાં નિર્ણયો લેવાના બાકી છે.

હાલમાં ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં પ્રધાનમંત્રીએ મેગા રોડ શો કર્યો. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ તેમની સાથે હતા.

**KARNATAKA--SITHARAMAN**

કેન્દ્રિય નાણામંત્રી નિર્મલા સીતારામને બેંગલુરૂમાં પાણીની અછતની સ્થિતિ બદલ ચિંતા વ્યક્ત કરી છે. આજે બેંગલુરૂમાં પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું કે, શહેરમાં કોલેરાની શક્યતા છે, તે ચિંતાજનક છે. તેમણે કહ્યું કે શહેર પીવાના ચોખ્ખા પાણીના સંકટનો સામનો કરી રહ્યું છે તે ચિંતાજનક છે.

**RAJNATH-CAMPAIGN**

સંરક્ષણ મંત્રી અને ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ નેતા રાજનાથ સિંહે દેશવાસીઓને હૈયાધારણ આપી છે કે, દેશની સરહદો સંપૂર્ણપણે સુરક્ષિત છે. મધ્યપ્રદેશના સિંગરોલીમાં જાહેરસભાને સંબોધતાં તેમણે કહ્યું કે, ભાજપ સરકારના શાસન કાળમાં ત્રાસવાદી પ્રવૃત્તિઓ પર અંકુશ મૂકવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું કે, ભારતીય જનતા પક્ષે કદી પણ જાતિ કે ધર્મને આધારે કોઈ પણ સાથે ભેદભાવ નથી કર્યો. તેમણે કહ્યું કે, ભાજપે હંમેશા ન્યાય અને માનવત્તા માટે કામ કર્યું છે.

રાજનાથસિંહે કહ્યું કે, મધ્યપ્રદેશની ડબલ એન્જિનની સરકાર વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. તેમણે કહ્યું કે, એક રાષ્ટ્ર, એક ચૂંટણી નીતિથી દેશ મજબૂત થશે અને જનતા પોતાના મતનો બહેતર ઉપયોગ કરી શકશે તેમજ જનપ્રતિનિધિઓની કરીદી અને વેચાણ બંધ થશે.

**BIHAR-PM-RALLY**

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે બિહારના નવાદામાં જાહેરસભાને સંબોધન કરશે. નરેન્દ્ર મોદી ભાજપના ઉમેદવાર વિવેક ઠાકુર માટે પ્રચાર કરશે.

છેલ્લાં એક અઠવાડિયામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની બિહારમાં આ બીજી ચૂંટણી રેલી હશે. પ્રધાનમંત્રીની રેલીને પગલે નવાદામાં સલામતીની કડક વ્યવસ્થા કરવામાં આવી છે.

**JAIPUR-CONGRESS**

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ કહ્યું છે કે, કોંગ્રેસ દેશમાં લોકતંત્ર અને બંધારણ બચાવવા માટે લડી રહી છે. આજે જયપુરમાં પક્ષના ચૂંટણી કાર્યક્રમને સંબોધતાં તેમણે કહ્યું કે, કોંગ્રેસે પોતાના શાસનના 55 વર્ષોમાં વિકાસ માટે કામ કર્યું હવે ભાજપ માત્ર શ્રેય લઈ રહી છે.

આ રેલીને સંબોધતાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ દાવો કર્યો કે, દેશ સહુનો છે, માત્ર થોડાક લોકોની જ સંપત્તિ નથી. આ પહેલાં કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી પ્રિયંકા વાડ્રાએ કહ્યું કે, ભાજપના શાસન હેઠલ વિરોધપક્ષો પર પ્રહાર થઈ રહ્યા છે.

**AAP-BJP**

આમ આદમી પાર્ટીએ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પક્ષ પર ખોટા આરોપો મૂકવા બદલ ભારતીય જનતા પક્ષની કડક ટીકા કરી છે. નવી દિલ્હીમાં આતિશીએ આમ આદમી પાર્ટીના નેતાઓને નબળા પાડવા, પ્રદેશના સંસાધનોનો દુરૂપયોગ કરવાનો આરોપ મૂક્યો. તેમણે દાવો કર્યો કે, ઈડીને આબકારી નીતિ ગોટાળા કેસમાં કોઈ રકમ મળી નથી.

ભારતીય જનતા પક્ષના દિલ્હી પ્રદેશ ભાજપ અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ આમ આદમી પાર્ટી પર વળતો પ્રહાર કરીને કહ્યું કે, જો આબકારી નીતિમાં કોઈ ગરબડ નહોતી તો કેજરીવાલ સરકારે સીબીઆઈની તપાસ પહેલાં તેને પાછી ખેંચી લેવાનો આદેશ શું કામ આપ્યો હતો.

**TRIPURA--EVM-COMMISSIONING**

ત્રિપુરાના અગરતલામાં કડક સુરક્ષા વ્યવસ્થા હેઠળ ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનોનું સુચારૂ સંકલન સુનિશ્ચિત કરવા માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ એ કામગીરી બે દિવસ ચાલશે. તેમાં 19મી એપ્રિલે હાથ ધરવામાં આવનારા મતદાન માટે ઇવીએમ મશીનો તૈયાર કરવામાં આવશે. ત્રિપુરા પશ્ચિમ સંસદીય વિસ્તારના ચૂંટણી અધિકારીએ આ પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું. એ મશીનો રામનગર બેઠકના 793 મતદાન કેન્દ્રોમાં બેસાડવામાં આવશે.

## VP--RS-OATH

ભારતીય જનતા પક્ષના અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા સહિત પાંચ નવા સભ્યોએ આજે રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લીધા. ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિ જગદીપ ધનખડે સભ્યોને શપથ લેવડાવ્યા. તેમાં ભાજપના અશોક રાવ શંકરરાવ ચવ્હાણ, અને ચુન્નીલાલ ગરાસીયા, તૃણમુલ કોંગ્રેસના સુષ્મિતા દેવ અને મોહંમદ નદીમૂલ હક તેમજ કોંગ્રેસના અનિલકુમાર યાદવ મંદાદીનો સમાવેશ થાય છે.

## CBI-INFANT-TRAFFICKERS

કેન્દ્રિય તપાસ બ્યૂરો – સીબીઆઈએ શિશુઓની ગેરકાયદેસર હેરાફેરી માટેનું નેટવર્ક ખૂલ્લું પાડ્યું છે. આ નેટવર્ક આખા ભારતમાંથી શિશુઓની ગેરકાયદેસર ધોરણે હેરાફેરી જેવી પ્રવૃત્તિમાં સંડોવાયેલું છે. સીબીઆઈએ દિલ્હી અને હરિયાણામાં સાત સ્થળો પર દરોડા પાડ્યા અને શોધખોળ કાર્યવાહી કરી તે કાર્યવાહી દરમિયાન માત્ર દોઢ દિવસ અને 15 દિવસના બે બાળકો અને એક મહિનાની બાળકીને બચાવી લેવામાં આવ્યા છે. તે ઉપરાંત સાડા પાંચ લાખ રૂપિયા રોકડા અને અન્ય દસ્તાવેજો હાથ લાગ્યા છે. સીબીઆઈએ સાત આરોપીઓની ધરપકડ પણ કરી છે.

અત્યાર સુધીની તપાસ પરથી જાણવા મળ્યું છે કે, આરોપી જાહેરાતના માધ્યમથી ફેરબુક પેજ અને વોટ્સએપ ગ્રૂપ જેવા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર દેશભર બાળકને દત્તક લેવા માંગતા નિઃસંતાનના દંપત્તિઓ સાથે સંપર્ક સાધે છે.

આ ટોળકી કથિત રૂપે વાસ્તવિક માતા પિતાની સાથે સાથે સરોગેટ માતાઓ પાસેથી પણ બાળકો ખરીદે છે અને શિશુઓને બાળકદીઠ ચારથી છ લાખ રૂપિયાની કિંમતે

વેચી મારે છે. આ આરોપી દત્તક લેવા સંબંધે બનાવટી દસ્તાવેજો બનાવીને કેટલાયે નિઃસંતાન દંપત્તિઓ પાસેથી લાખો રૂપિયાની ઠગાઈ કરવામાં પણ સામેલ છે.

**ECUADOR-MEXICO**

મેક્સિકોએ ઇક્વાડોર સાથેના બધા સંબંધો પર પૂર્ણવિરામ મૂકી દીધું છે. ઇક્વાડોરના ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ જ્યોર્જ ગ્લાસની મેક્સિકન દૂતાવાસમાં થયેલી ધરપકડ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. જ્યોર્જ ગ્લાસ પર ભ્રષ્ટાચારના બે વાર આરોપો મૂકાયા હતા અને ડિસેમ્બરમાં રાજકીય શરણ માંગ્યા પછી તેઓ ક્વિટોના દૂતાવાસમાં છૂપાયા હતા.

મેક્સિકોના રાષ્ટ્રપતિ એન્ડ્રેસ મેન્યુઅલ લોપેઝ ઓબ્રેડોરે સોશ્યલ મીડિયા પરની પોસ્ટમાં કહ્યું કે, ધરપકડ પહેલાં ઇક્વાડોર પોલીસ, ક્વિટો દૂતાવાસમાં બળજબરીથી ધુસી ગઈ હતી. મેક્સિકોના રાષ્ટ્રપતિ એન્ડ્રેસ મેન્યુઅલે જ્યોર્જ ગ્લાસની ધરપકડને એક સત્તાવાદી કૃત્ય અને આંતરરાષ્ટ્રીય કાનૂન તેમજ મેક્સિકોની સાર્વભૌમક્તાના ઉલ્લંઘન સમાન ગણાવ્યું છે. જ્યોર્જ ગ્લાસે કહ્યું કે, તેમણે મેક્સિકોના વિદેશમંત્રીને ઇક્વાડોર સાથેના રાજદ્વારી સંબંધો રદ કરવાનો આદેશ આપ્યો છે.

**SISODIA-CUSTODY**

દિલ્હીની એક અદાલતે આબકારી નીતિ ગોટાળા કેસમાં કથિત નાણાં ઉચાપત કેસમાં આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદીયાની ન્યાયિક કસ્ટડી 18મી એપ્રિલ સુધી વધારી દીધી છે. મનીષ સિસોદીયાની ન્યાયિક કસ્ટડીની મુદ્દત પુરી થતાં તેમને ન્યાયાલય સમક્ષ રજૂ

કરવામાં આવ્યા હતા. રાઉઝ કોર્ટની વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજાએ તેમની ન્યાયિક કસ્ટડીની મુદ્દત વધારી છે.

સીબીઆઈ અને અમલ બજવણી નિદેશાલય ઈડીએ આમ આદમી પાર્ટીના નેતાઓ પર સરકારી ખજાનાને થયેલા નુકસાનને કારણે આબકારી નીતિમાં ગેરરીતિ આચરી હોવાનો આરોપ મૂક્યો છે.

**JAISHANKAR-LAOS**

વિદેશમંત્રી ડોક્ટર એસ. જયશંકરે કહ્યું છે કે, લાઓસથી 17 ભારતીયોને સુરક્ષિત રીતે ભારત લાવવામાં આવે છે. સોશ્યલ મીડિયા પરની પોસ્ટમાં ડોક્ટર જયશંકરે લાઓસમાં ભારતીય દૂતાવાસના વખાણ કર્યા અને ભારતવાસીઓને સુરક્ષિત રીતે રપરત સ્વદેશ લાવવા માટે લાઓસના અધિકારીઓએ આપેલા સહકાર બદલ તેમનો આભાર માન્યો. એ 17 જણાં લાલચમાં આવીને ગેરકાયદેસર રીતે લાઓસમાં ફસાઈ પડ્યા હતા.

**JAMAT--UL-VIDA-KASHMIR**

કાશ્મીર ખીણમાં ગઈકાલે રમઝાન મહિનાની શુક્રવારની અંતિમ નમાઝ હઝરતબલ સહિત જુદી જુદી મસ્જિદોમાં અલવિદા નમાઝ અદા કરવામાં આવી. આ નિમિત્તે અધિકારીઓએ જરૂરી વ્યવસ્થા કરી હતી.

**J-K---BARAMULLA**

જમ્મુ કાશ્મીરમાં બારામુલ્લા પોલીસે રાષ્ટ્રવિરોધી તત્વો વિરૂધ્ધ કાર્યવાહી કરીને બે જણાંને અટકાયતમાં લીધા છે. એ બંનેને ઉધમપુર જેલમાં મોકલી દેવામાં આવ્યા છે.

પોલીસે કહ્યું કે, એ બંને જણ પર કાનૂન વ્યવસ્થામાં ગરબડ અને તોડફોડ કરવાના ઘણાં કેસ નોંધાયેલા છે.

**DMK---MLA--DIES**

તમિળનાડુમાં વિક્રાવંડી ક્ષેત્રના ડી.એમ.કે. પક્ષના બે વખત વિધાનસભ્ય રહી ચૂકેલા એલ. પુગાજેંતીનું આજે વિલ્લુપુરમ હોસ્પિટલમાં અવસાન થયું. તેઓ 69 વર્ષના હતા.

**BADMINTON-KAZAKHSTAN-TITLES**

ભારતીય બેડમિન્ટન ખેલાડી અનુપમા ઉપાધ્યાય અને થારૂન મન્નેપલ્લીએ આજે કઝાખસ્તાન આંતરરાષ્ટ્રીય ચેલેન્જ ટૂર્નામેન્ટમાં મહિલા અને પુરૂષના સિંગલ્સના ખિતાબ જીતી લીધા છે.

અનુપમાએ ફાયનલમાં ઇશારાની બરૂઆને 41 મિનિટમાં 21-15 ને 21-16થી હરાવીને સતત બીજો ખિતાબ જીતી લીધો. 22 વર્ષના થારૂન મન્નેપલ્લીએ આઠમા નંબરના ક્રમાંકિત મલેશિયાના સૂંગ જૂવેનને 21-10 અને 21-19 થી હરાવીને પોતાનો પહેલો આંતરરાષ્ટ્રીય ખિતાબ જીતી લીધો.

ડબલ્સની ફાયનલમાં ભારતના સંજય શ્રીવત્સ ધનરાજ અને મનીષા કે. ની જોડીને મલેશિયાના વોંગ ટી એન સી અને લિમ ચિવ સી એનની જોડીએ 21-9, 7-21 અને 12-21 થી પરાજીત કરી.